સુવિચાર
"બાવળ વાવીને કેરી ખાવાની અપેક્ષા ખોટી છે."
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૯/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
નવરાત્રિ નિમિતે...
માતાજીની પ્રસાદી
સ્પે.પ્રસાદી પેંડી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૧ આસો સુદ-૨ વર્ષ : ૧૯ અંક : ૨૪૦


## પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન દ્વારા રૂપિયા ૨૦ લાખથી વધુનાં ચેક અર્પણ

# અમરેલીમાં તેજસ્વી અને જરૂરિયાતમંદ ૧૪૨ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ

છેલ્લા ૨ વર્ષથી શરૂ થયેલ ફાઉન્ડેશન દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને અભ્યાસમાં આગળ વધવા મદદ કરવામાં આવી રહી છે

ગરીબ અને તેજસ્વી વિદ્યાર્થી નાણાનાં અભાવે શિક્ષણથી વંચિત નહી રહે : પી.પી. સોજીત્રા

સ્થાપક ચેરમેન પી.પી. સોજીત્રાએ ૧ કરોડ અને અન્ય ૧ કરોડ મળી કુલ ૨ કરોડની રકમ એકત્ર કરી સ્કોલરશીપ અપાઈ રહી છે

ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, નાયબ દંડક વેકરિયા, ડો. કાનાબાર, અશ્વિન સાવલિયાનાં હસ્તે ચેક વિતરણ






અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લાના જરૂરિયાતમંદ અને તેજસ્વી વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ થવા માટે પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન દ્વારા રવિવારે ચેક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન તરફથી ૧૪૨ વિદ્યાર્થીઓને ૨૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી હતી.

અમરેલીમાં છેલ્લા બે વર્ષથી શરૂ થયેલ પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને અભ્યાસ સહાય આપવામાં આવે છે. આ વર્ષે પી.પી. ફાઉન્ડેશન દ્વારા ૧૪૨ વિદ્યાર્થીઓને રૂપિયા ૨૦ લાખની સહાય આપવામાં આવી હતી. પી.પી. સોજીત્રા ફાઉન્ડેશનના ચેરમેન પી.પી. સોજીત્રાએ જણાવ્યું હતું કે શિક્ષણ દિવસે દિવસે મોંઘુ થઈ રહ્યું છે. આવા સંજોગોમાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ પૈસાના અભાવે શિક્ષણથી વંચિત ના રહે તેવા હેતુ સાથે સહાય આપવામાં આવે છે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓથી લઈને ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા, અમર ડેરીના ચેરમેન અનિ સાવલીયા, સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્યો મહેશ કસવાળા, જે.વી. કાકડીયા, જનક

અનુસંધાન પાના ૬ ઉપર

## ખાણ-ખનીજ વિભાગ કઈ દુનિયામાં ફરજ બજાવે છે ?

# અમરેલી પંથકમાં ખનિજ માફિયાઓ બેખૌફ : ખેડૂતોનાં અવરજવરનો માર્ગ પણ તોડી નાખ્યો

### ગાવડકા ગામનાં ખેડૂતો કલેકટર કચેરીએ દોડી ગયા

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં ખનીજ ચોરીનો કાળો વ્યવસાય બેફામ રીતે ચાલતા ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. ગાવડકા નજીક શેત્રુંજી નદીમાંથી છેલ્લા ચાર વર્ષથી સતત રેતી ચોરી ચાલી રહી છે. જેના કારણે ખેડૂતો અને સ્થાનિકોની મુશ્કેલીઓ વધી રહી છે. ખેડૂતોના જણાવ્યા મુબજ રેતી માફિયાઓએ ગાવડકાથી થોવડી માર્ગ પર ભારે અવરજવર શરૂ કરી છે, જેના કારણે ખેતર અને વાડી સુધી જવાના રસ્તાઓ બિસ્માર બની ગયા છે. વાહનોના અતિશય અવરજવરે ધૂળ અને ખાડાઓથી ગ્રામજનોના આરોગ્ય તથા રોજિંદી જીવન પર પણ આ ગંભીર અસર પડી રહી છે.



આ સ્થિતિ સામે ગાવડકા ગામના ખેડૂતો અને સ્થાનિકોએ આજે કલેકટર કચેરીએ પહોંચીને આવેદનપત્ર પાઠવ્યું. આવેદનપત્રમાં તાત્કાલિક રેતી ચોરી બંધ કરવાની અને ખનીજ માફિયાઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

દર્શન ભાલાળા નામના ખેડૂતે જણાવ્યુ કે "અમે છેલ્લા ચાર વર્ષથી ખનીજ ચોરીની સમસ્યા ભોગવી રહ્યા છીએ. રેતી માફિયાઓએ અમારા ખેતર સુધી જવાના રસ્તાઓ તોડી નાખ્યા છે. સ્થાનિકોની સુરક્ષા અને જીવનશૈલી જોખમમાં મુકાઈ ગઈ છે. સરકાર તાત્કાલિક પગલાં ભરે તેવી અમારી માંગ છે."


ન ભૂતો.... ન ભવિષ્યતિ...
ટુ વ્હીલર બેટરી ધમાકા ઓફર
નવરાત્રિ ધમાકા ઓફર
ટુ વ્હીલર વાહન માલિકો માટે આનંદના ખબર
દરેક ટુ વ્હીલર સેલ્ફ સ્ટાર્ટ વાહનો માટેની બેટરી
Lucas | PD POWER
4 LB માત્ર રૂા.૮૦૦/- માજ
5 LB માત્ર રૂા.૧૦૦૦/- માજ
4 LB માત્ર રૂા.૭૦૦/- માજ
5 LB માત્ર રૂા.૯૦૦/- માજ
નોંધ : આ ભાવ માત્ર જુની બેટરી પરત કરવાના છે.
દરેક ટુ વ્હીલરની બેટરી હાજર સ્ટોકમાં મળશે.
આ સાથે ૪૮ મહિનાની વોરંટી તો ખરીજ..
અમરેલી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર
94269 38161 (Since 1995) 76986 55398
જય શ્રી ચામુંડા બેટરી હાઉસ
મેઈન બ્રાંચ: રેલ્વે સ્ટેશન રોડ, ગોપી ટોકીસની બાજુમાં, અમરેલી
બ્રાંચ: લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી

અભિનંદન સહ શુભકામના...
શ્રી જીજ્ઞેશભાઈ પટેલ
ચેરમેનશ્રી : ગુજરાત નિયંત્રિત બજાર સંઘ - અમદાવાદ (ગુજરાત રાજ્ય)
રાજુલા માર્કેટયાર્ડનાં યુવા ચેરમેન શ્રી જીજ્ઞેશભાઈ પટેલની ગુજરાત નિયંત્રિત બજાર સંઘ અમદાવાદ (ગુજરાત રાજ્ય) ના ચેરમેન પદે વરણી થતાં તેઓશ્રીને ખુબ ખુબ અભિનંદન સહ શુભકામના...
શુભેચ્છક
શ્રીજી વિદ્યાર્થી ભુવન
લાઠી રોડ,એસ.ટી.ડિવીઝન પાસે, અમરેલી.
શ્રી દીપક વઘાસીયા
ખજાનચી : જિલ્લા ભાજપ-અમરેલી
Ec Member-સૌરાષ્ટ્ર યુનિવર્સીટી-રાજકોટ
શ્રીમતિ વિલાસ ડી. વઘાસીયા
સંચાલક : શ્રીજી વિદ્યાર્થી ભુવન-અમરેલી

Life's Good
99.9%* Allergen free with Steam™ Technology
LG Front Load Washing Machine
LG
FIXED EMI ₹1999* | CASHBAK UP TO 20% | 10 YEARS WARRANTY ON MOTOR
LG BEST SHOP મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

"NAARI WELCOMES NEW TEAM MEMBER"
naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS: જી.એમ.ઇ.આર.એસ.મેડીકલ કોલેજ,વલસાડ
D.G.O.: સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
▪ ૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ▪ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
▪ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ▪ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
➔ ૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ➔ ૧૫૦૦ + સિઝેરીયન
➔ ૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,00,100/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૨/૦૯/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

24/7 ઇમરજન્સી
ધર્મજીવન હોસ્પિટલ
સરકારશ્રીની PMJAY
આયુષ્માન યોજના અંતર્ગત
● સર્જરી(ઓપરેશન) વિભાગ
એપેન્ડિક્સ, સારણગાંઠ, હરસ, મસા, ભગંદર, ફિશર, રસોળી, પથરી, પેટ અને આંતરડાંનારોગો વગેરેના દૂરબીન દ્વારા ઓપરેશન સુવિધા
સંપૂર્ણ મફત*
875 875 4112/3310
શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી

## અનુકંપા ફાઉન્ડેશન અંતર્ગત સંચાલિત તીર્થ પ્રવાસયાત્રામાં ૨૫૧ નાગરિકો જોડાયા

# અમરેલી ખાતેથી સોમનાથ–દ્વારકાનાં તીર્થ પ્રવાસની બસોનું પ્રસ્થાન કરાવતા મુખ્યમંત્રી

**અનુકંપા ફાઉન્ડેશનનાં ફાઉન્ડર ડો. કાનાબાર સહિતની ટીમે મુખ્યમંત્રીનું કર્યુ સન્માન**

**સરકારની લોક કલ્યાણકારી યોજનાઓનાં લાભ લાભાર્થીનાં ઘર સુધી પહોંચ્યા**

**પર્યાવરણનું જતન કરવું એ આપણા સૌની સહિયારી જવાબદારી**

**''સ્વદેશી અપનાવો'' અભિયાનમાં સ્વયંભુ જોડાવા નાગરિકોને આહ્વાહન કરતા મુખ્યમંત્રી**







અમરેલી, તા. ૨૨

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલીના લાઠી બાયપાસ સ્થિત લોહાણા મહાજન વાડી ખાતેથી અનુકંપા ફાઉન્ડેશન દ્વારા આયોજિત વરિષ્ઠ નાગરિકોની તીર્થયાત્રાની બસોના પ્રસ્થાન કરાવ્યું હતું.

અનુકંપા ફાઉન્ડેશનના પ્રમુખ ડો.ભરતભાઈ કાનાબાર સહિત ટ્રસ્ટી મંડળ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું ભાવભેર ઉત્સાહ સાથે ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ પૂર્વે મુખ્યમંત્રીએ સૌરાષ્ટ્રની ધીંગી ધરાના મહાન સંતશ્રી પૂ. જલારામ બાપાના મંદિરે ભાવપૂર્વક દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

મુખ્યમંત્રીએ વરિષ્ઠ નાગરિકોની સોમનાથ–દ્વારકાના તીર્થયાત્રાની બસોનું ઉમળકાભેર પ્રસ્થાન કરાવીને તીર્થયાત્રીઓને શુભેચ્છા પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે, અનુકંપા ફાઉન્ડેશન અને રાજય સરકારની સિનીયર સિટીઝન તીર્થયાત્રાની યોજનાના સહયોગથી કુલ ૨૫૧ વરિષ્ઠ તીર્થયાત્રીઓને યાત્રા બસ સેવા પૂરી પાડવામાં આવી છે.

રાજયમાં પારદર્શક વહીવટી સંસ્કૃતિને વિકસિત કરવા ઉપરાંત સબળ અને સક્ષમ નેતૃત્વ પૂરૂં પાડવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું અનુકંપા ફાઉન્ડેશન ટ્રસ્ટી મંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, દેશનું નેતૃત્વ દૂરંદેશી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે. નાના બાળકોથી લઈને વરિષ્ઠ નાગરિકોની ચિંતા વડાપ્રધાને કરી છે. સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ છેક છેવાડાના લાભાર્થીના ઘર સુધી પહોંચી રહ્યો છે. વડાપ્રધાને સમાજ જીવનની સાથે સાથે સમાજ માટે ઉપયોગી દરેક પ્રકારના નિર્ણયો કર્યા છે. સામાન્ય નાગરિક સાથે સરકાર કેવી રીતે ઊભી રહે તે પ્રકારની કાર્યશૈલી વડાપ્રધાને વિકસાવી છે. 'સૌનો સાથ, સૌનો પ્રયાસ અને સૌનો વિકાસ' એ નેમ સાથે દેશ વિકસિત રાષ્ટ્ર બનવા તરફ ગતિશીલ છે.

પર્યાવરણના જતનની નેમ વ્યકત કરતા મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, આજે ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓ સામે સૌએ સાથે મળીને લડત આપવી અનિવાર્ય છે. 'એક પેડ માં કે નામ' અભિયાન, પાણીના સંરક્ષણ અને તેના વિવેકપૂર્ણ ઉપયોગ માટે 'કેચ ધ રેઈન' અભિયાનને પર્યાવરણ સંરક્ષણની દ્રષ્ટિ સાથે સૌએ સાથે મળીને આગળ ધપાવવા જરૂરી છે.

અનુકંપા ફાઉન્ડેશનના પ્રમુખ ડો.ભરતભાઈ કાનાબારે વરિષ્ઠ નાગરિકોની તીર્થયાત્રાની બસોના પ્રસ્થાન કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે સંસ્થાની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કર્યો હતો. કાર્યક્રમમાં મુખ્યમંત્રીના વરદ્‌હસ્તે દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ તકે સાંસદ ભરતભાઈ સુતરિયા, જિલ્લાના ધારાસભ્ય સર્વ કૌશિકભાઈ વેકરિયા, જે.વી. કાકડીયા, જનક તળાવીયા, મહેશ કસવાલા, હિરાભાઈ સોલંકી, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ મંત્રી બાવકુંભાઈ ઉંઘાડ, અગ્રણી અતુલ કાનાણી સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

### પાલિકાનાં શાસકો સમસ્યાનુ કરે નિરાકરણ

## અમરેલીનાં ઓમનગર–૩નાં રહેવાસીઓને પીવાનુ પાણી પુરતા પ્રમાણમાં મળતુ નથી

**છેલ્લા ૩ મહિનાથી સ્થાનિકો થાય છે પરેશાન**

અમરેલી, તા. ૨૨

લાઠી રોડ રિલાયન્સ સ્માર્ટ બજાર પાછળ આવેલ ઓમનગર–૩ ના બ્લોક નં. ૧, ૨, ૩, ૫૩, ૫૨, ૫૦, ૪૯, ૪૮, ૪૭ અને ૪૬ના રહેવાસીઓ છેલ્લા ત્રણ મહિનાથી પાણીની સમસ્યાનો સામનો કરી રહેલા છે. છેલ્લા ત્રણ મહિના અગાઉ જયારે રિલાયન્સ જીઓ ખોદકામ કરેલું હતું. તે દરમિયાન ઘણી જગ્યાએ પાઈપલાઈન લીકેજ થયેલ હતી. વારંવાર ફરિયાદો કરવાથી જીઓ વાળાએ થયેલ છે. જે ને લીધે અવારનવાર પાણીના ટેન્કર મંગાવવા પડે છે. આ અંગે જાગૃત નાગરિક અશોકભાઈ જાવિયા ધ્વારા વોર્ડના સ્થાનિક કોર્પોરેટર, નગરપાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા સુધી રજુઆત લેખિત અને મૌખિક સ્વરૂપે કરેલ હોવા છતાં આજ દિન સુધી આ સમસ્યાનું નિરાકરણ આવેલ નથી. દિવાળીના તહેવાર નજીક આવતા હોય સત્વરે આ સમસ્યા ઉકેલાય.

---

### રાજયનાં સંવેદનશીલ મુખ્યમંત્રીનાં આગમન બાદ

## અમરેલીનાં વ્યાયામ મંદિરનાં બેડ મિન્ટન કોર્ટ અને પરિસરની મુખ્યમંત્રીએ મુલાકાત લીધી

**પ્રતિભાશાળી રમતવીરો સાથે પ્રેરક સંવાદ કર્યો**



અમરેલી, તા. ૨૨

અમરેલીના સુખનિવાસ કોલોની રોડ સ્થિત સમર્થ વ્યાયામ મંદિર (અખાડા) ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રતિભાશાળી રમતવીરો સાથે પ્રેરક સંવાદ સાધ્યો હતો.

મુખ્યમંત્રીએ સમર્થ વ્યાયામ મંદિર ખાતે બેડમિન્ટન, ક્રિકેટ સહિતની રમતોના રમતવીરો સાથે સંવાદ સાધતા કહ્યું હતું કે, ખેલ મહાકુંભ સહિતના આયોજનો થકી રમતવીરોને મંચ મળી રહ્યું છે. ભારતના ખેલાડીઓ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું ગૌરવ વધારી રહ્યા છે. મુખ્યમંત્રીએ અમદાવાદ ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધા સાથે આકાર પામેલ વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની રમતવીરોને અચૂક મુલાકાત લેવા અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમર્થ વ્યાયામ મંદિર ખાતે બેડમિન્ટન કોર્ટ અને પરિસરની મુલાકાત લીધી હતી. જિલ્લાથી રાષ્ટ્રીય કક્ષા સુધી વિવિધ રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર પ્રતિભાશાળી રમતવીરોનું શિલ્ડ મોમેન્ટો એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજયના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજભાઈ મહેતા અને રામજીભાઈ કમાણીના પરિવારે વર્ષ ૧૯૪૦માં સમર્થ વ્યાયામ મંદિરના નિર્માણ માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. જેમાં બેડમિન્ટન કોર્ટ, ક્રિકેટ એકેડેમી, જીમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીં શહેરના રમતવીરો દોડ સહિતની તાલીમ મેળવી શકે છે.

આ તકે અનુકંપા ફાઉન્ડેશનના પ્રમુખ ડો.ભરતભાઈ કાનાબાર, સમર્થ વ્યાયામ મંદિર ટ્રસ્ટીમંડળના સર્વ સભ્યો, સાંસદ ભરતભાઈ સુતરિયા, જિલ્લાના ધારાસભ્ય સર્વ કૌશિકભાઈ વેકરિયા, જે.વી. કાકડીયા, જનક તળાવીયા, મહેશ કસવાલા, હિરાભાઈ સોલંકી સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## વડિયા : પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૨૨

વડિયા આજથી શરૂ થતાં માતાજીના નવલા નોરતાના પાવન અવસરે વડિયા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનું અધ્યક્ષસ્થાન પોલીસ ઈન્સ્પેકટર (PI) એ એન ગાંગણા સંભાળ્યું હતું.

ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે જયાં વિવિધ જાતિ અને ધર્મના લોકો પોતાના–પોતાના ધર્મ અને સંસ્કૃતિ અનુસાર તહેવારો ઉજવે છે. આવી વિવિધતામાં એકતા જાળવી રાખવી તે આપણા સૌની જવાબદારી છે. ખાસ કરીને નવરાત્રિના દિવસોમાં શાંતિ અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલિસ વિભાગે આગોતરા તૈયારી અને આયોજન હાથ ધર્યું છે.

આ બેઠકમાં ગાયત્રી ચોક, ગાંધી ચોક, મહેતાલાઈન, ભવાની ચોક, સદ્‌ગુરૂનગર, આંબેડકર નગર જેવા વિસ્તારોમાંથી તમામ ગરબી આયોજકો તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ ઈન્સ્પેકટર ગાંગણો ગરબી આયોજકોને નિયમો અંગે માહિતી આપી અને શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત રીતે તહેવાર ઉજવવા માટે સહકાર આપવાની અપીલ કરી.

બેઠક દરમિયાન વિવિધ વિસ્તારોમાં થતા ગરબી કાર્યક્રમો માટે સુરક્ષાની વ્યવસ્થા, ટ્રાફિક કંટ્રોલ અને સમયપત્રક અંગે ચર્ચા કરવામાં આવી.

---

### ધારી નજીક આવેલ માલસીકા ગામે

## ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરતા ઈસમને હદપાર કરી દેવાયા

**અમરેલી સહિત ૩ જિલ્લામાંથી હદપાર**



અમરેલી, તા. ૨૨

ધારી પોલીસના પોલીસ ઈન્સ્પે. કે.બી. જાડેજાના સીધા માર્ગદર્શન હેઠળ ધારી પોલીસ ટીમ દ્વારા ધારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અવાર–નવાર ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરતા માથાભારે ઈસમો કે જે અગાઉ ગુન્હાઓમાં સંડોવાયેલ હોય તેવા ઈસમોને અમરેલી જિલ્લાની હદ વિસ્તારમાંથી હદપાર કરાવવાની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ જે અન્વયે ધારીના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ હર્ષ વર્ધન જાડેજાએ ધારી તાલુકાના માલસીકા રવિરાજભાઈ મધુભાઈ વાળા નામના ઈસમને અમરેલી ગીર સોમનાથ જિલ્લામાંથી ત્રણ માસની મુદ્દત માટે હદપાર કરવા હુકમ કરતા મજકુર ઈસમને હદપાર કરવામાં આવેલ છે.

---

### રાજય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનની મહેનત રંગ લાવી

## દેવળીયાથી બોડીયા સુધીના ૨૫ કિ.મી.માં ગાગડીયો નદીમાં ૧૫૦૦ કરોડ લીટર પાણીનો સંગ્રહ

**પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા દ્વારા પ્રેરણાદાયી કાર્ય**



અમરેલી, તા. ૨૨

લાઠી તાલુકાના દેવળીયાથી લીલીયા તાલુકાના ક્રાકચ સુધી ગાગડીયો નદી પર રાજય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મ સવજીભાઈ ધોળકિયા દ્વારા જળસંગ્રહના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાં દેવળીયાથી બોડિયા સુધી ૨૫ કિ.મી વિસ્તારમાં ૧૫૦૦ કરોડ લિટર પાણીનો સંગ્રહ કરાયો છે. જેને પગલે આસપાસના ગામોના જળસ્તરમાં નોંધનીય ફાયદો જોવા મળી રહ્યો છે.

પદ્મ સવજીભાઈ ધોળકિયા અને તેમની ટીમ દ્વારા પાછલા એક દાયકાથી જળસંગ્રહના કામો થઈ રહ્યા છે. ગાગડીયો નદી પર ભારત માતા સરોવર સહિતના સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ૧૫૦૦ કરોડ લિટર પાણીનો સંગ્રહ થયો છે. પાણીનો સંગ્રહ થતાં આસપાસના ૫૦ જેટલા ગામોના તળ ઊંચા આવી ગયા છે. જળ સંગ્રહને પગલે આ વર્ષે પણ રવિ પાકથી ખેડૂતોને ચોક્કસ ફાયદો થશે તેવું અહીં વિસ્તારના ખેડૂતો જણાવી રહ્યા છે. આ વિસ્તારમાં જળસંગ્રહના આવા કામ બદલ ગ્રામજનો દ્વારા સવજીભાઈ ધોળકિયાની આ કામગીરીને સૌ કોઈ બિરદાવી રહ્યા છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

શું તમારે દિવાળીમાં ગ્રાહકોને ભેટ આપવા વિચાર્યુ છે ?
તો આજે જ ઘનશ્યામ આર્ટની મુલાકાત લ્યો ...
ત્યાં તમને જોવા મળશે વિવિધ પ્રકારનાં ■ કેલેન્ડર ■ ૩૦૦ ઉપરાંત ડીઝાઈનની કિ-ચેઈન ■ ૩.૫ થી ૫૦ રૂપિયાની પ્રિન્ટ સાથે બોલપેન ■ મની પર્સ અવનવી વેરાયટી ચેક બુક, ATM કાર્ડ કવર ■ મોબાઈલ સ્ટેન્ડ ■ પેપર વેઈટ વગેરે અઢળક વેરાયટી માટે સંપર્ક કરો...
ઘનશ્યામ આર્ટ
કનુભાઈ જોષી Mo.94287 95274 Mo.93285 98100
૭, વંદના શોપિંગ, એસ.ટી.ડેપો, અમરેલી.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

## ભાજપનાં પૂર્વ જિલ્લા પ્રમુખ ડો. કાનાબાર સ્વદેશીનાં રંગે રંગાયા

# અમરેલીમાં ટાવર ચોકથી "સ્વદેશી અભિયાન"ને પ્રેરણાબળ પુરૂ પાડતાં મુખ્યમંત્રી

**નવરાત્રિ અને દિવાળી જેવા તહેવારોમાં ધુમધામથી ખરીદી કરતી વખતે સ્વદેશી વસ્તુઓને પ્રાધાન્ય આપો**

**વેપારીઓએ માત્ર સ્વદેશી બનાવટની જ વસ્તુઓ વેચવાનો અને ગ્રાહકોએ ખરીદવાનો આગ્રહ રાખવો**

**સ્વદેશી અભિયાન એ આત્મનિર્ભર ભારત બનાવવાનો મુખ્ય પાયો અને સિધ્ધાંત છે**

**ટાવર ચોકમાં દાયકાઓ બાદ મુખ્યમંત્રીનું આગમન થતાં વેપારીઓ હરખઘેલા બન્યા**













અમરેલી, તા. ૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલીના ટાવર ચોક ખાતે 'સ્વદેશી અભિયાન' અંગે પ્રેરણાબળ પૂરૂં પાડયું હતું. આ તકે મુખ્યમંત્રીએ ટાવર ચોકમાં આવેલી ૬ થી ૭ દુકાનોમાં પ્રતિકાત્મક સ્વદેશી અભિયાનના સ્ટીકર લગાવી વેપારીઓ સાથે સહજભાવે વાતચીત કરી તેમના દ્વારા વેચાતાં ઉત્પાદો વિશે જાણકારી મેળવી હતી. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક ઉત્પાદનો અને સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે, જેનાથી દેશની આર્થિક પ્રગતિને વેગ મળે અને ભારત આત્મનિર્ભર બનવા તરફ અગ્રેસર બને.

આ તકે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના 'આત્મનિર્ભર ભારત' બનવાના આહ્વાનને સાકાર કરવા માટે સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવો એ એકમાત્ર અને મૂળભૂત રસ્તો છે. તેમણે સ્પષ્ટ કર્યુ કે, 'સ્વદેશી અભિયાન' એ આત્મનિર્ભર ભારત બનાવવાનો મુખ્ય પાયો અને સિદ્ધાંત છે. દેશ માટે અને દેશદાઝ માટેના આ કાર્યમાં સૌનો સહયોગ જરૂરી છે અને ખાસ કરીને વેપારી સંગઠન આ અભિયાનમાં જોડાય ત્યારે તેની ગતિ બમણી થઈ જાય છે.

મુખ્યમંત્રીએ વેપારીઓ અને નાગરિકોને ભારપૂર્વક અનુરોધ કર્યો હતો કે, આ વિચાર હવે કાયમી ધોરણે અપનાવવો પડશે. જે પણ ખરીદી થાય તે સ્વદેશી જ હોવી જોઈએ તેવો આગ્રહ કર્યો હતો. ખાસ કરીને આગામી નવરાત્રી અને દિવાળી જેવા મોટા તહેવારોમાં ધૂમધામથી ખરીદી કરતી વખતે માત્ર સ્વદેશી વસ્તુઓને જ પ્રાધાન્ય આપીએ. વેપારીઓએ માત્ર સ્વદેશી બનાવટની જ વસ્તુઓ વેચવી અને ગ્રાહકોએ પણ સ્વદેશી બનાવટની વસ્તુઓ જયાં વેચાતી હોય ત્યાંથી જ ખરીદી કરવી જોઈએ.

મુખ્યમંત્રીએ વેપારી સંગઠનોની ક્ષમતા પર વિસ વ્યકત કરતાં જણાવ્યું કે, તેઓ આ અભિયાનમાં ખૂબ સારૂં યોગદાન આપી શકે છે, અને રાજય સરકાર હરહંમેશ તેમની સાથે ઊભી છે. આ ઉપરાંત, તેમણે જી.એસ.ટી.માં કરાયેલા સુધારાઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, આ સુધારા થકી વેપારને વેગ મળવાની સાથે જેનો લાભ પ્રજાજનોને પણ મળશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ વ્યાપારી સંગઠનો દ્વારા બનાવાયેલા આત્મનિર્ભર ભારતના લોગોનું અનાવરણ કર્યું હતું. ઉપસ્થિત જુદાજુદા વ્યાપારી સંગઠનો દ્વારા મુખ્યમંત્રીનું મોમેન્ટો, પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય સર્વ જે.વી. કાકડિયા, મહેશ કસવાલા, જનકભાઈ તળાવીયા, હિરાભાઈ સોલંકી, અગ્રણી નારણભાઈ કાછડીયા, બાવકુભાઈ ઉંઘાડ સહિતના પદાધિકારીઓ, જુદાજુદા વેપારી મંડળોના પ્રતિનિધિઓ, સભ્યઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.




























### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલએ

# અમરેલી ખાતે સરસ મેળાની મુલાકાત લઈને બહેનો સાથે પ્રેરક સંવાદ કર્યો

## સખી મંડળની બહેનોને પ્રોત્સાહન પુરૂ પાડયુ



અમરેલી, તા. ૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજેઅમરેલીનાપ્રવાસદરમિયાનસખી મંડળની બહેનો અને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન પૂરૂ પાડવા માટે સરસ મેળાની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીએ ફોરવર્ડ હાઈસ્કૂલના મેદાન ખાતે આયોજિત સરસમેળામાંસખીમંડળનીબહેનોસાથે પ્રેરક સંવાદ સાધીને તેમના ઉત્પાદનોની જાણકારી મેળવી હતી. આ સાથે વોકલ ફોર લોકલનીનેમનેસાર્થકકરવામાંસખી મંડળની બહેનોની મહત્વની ભૂમિકા ગણાવી હતી.

ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. (ગ્રામ વિકાસ વિભાગ) દ્વારા આયોજિત આ સરસ મેળો ખાતે તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ ખરીદી માટે ખુલ્લો રહેશે.

આ સરસ મેળામાં મુખ્યમંત્રીભૂપેન્દ્ર પટેલનેજિલ્લાકલેક્ટર વિકલ્પભારદ્વાજેપુષ્પગુચ્છઅર્પણકરીને આવકાર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, સરસ મેળો–૨૦૨૫માં વિવિધ મહિલા સ્વ – સહાય જૂથોની બહેનો દ્વારા હસ્તકલાની વિવિધ ચીજ–વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ રાખવામાં આવ્યું છે. સ્વસહાય જૂથનીબહેનોઆર્થિકરીતેપગભરથાય તે હેતુથી એન.આર.એલ.એમ. યોજના અંતર્ગત વિનામુલ્યે સ્ટોલ તથા રહેવા જમવાની વ્યવસ્થા રાજય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. અહીં કુલ ૫૫ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીની આ મુલાકાત વેળાએ સાંસદ ભરતભાઈ સુતરિયા, જિલ્લાના ધારાસભ્ય સર્વ કૌશિકભાઈ વેકરિયા, જે.વી. કાકડીયા, જનક તળાવીયા, મહેશ કસવાલા, હિરાભાઈ સોલંકી, જિલ્લાવિકાસઅધિકારીપરિમલ પંડયા, જિલ્લા પોલીસવડા સંજય ખરાત, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા, અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકીયા સહિતના પદાધિકારીઓ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સોલાર રૂફટોપથી અનેક પરિવારોને ફાયદો

# સાવરકુંડલાનાં જિંજુડા ગામનાં ખેડૂતનું સોલાર રૂફટોપથી વીજબિલ શુન્ય

## ગામનાં અન્ય ખેડૂતો પણ લાભ લેવા તૈયાર



અમરેલી, તા. ૨૨

સાવરકુંડલા તાલુકાના જિંજુડા ગામના ખેડૂત જયરાજભાઈ ખુમાણે પોતાના નિવાસસ્થાને સોલાર સિસ્ટમ સ્થાપિત કરીને એક સરસ ઉદાહરણ પૂરૂ પાડયું છે. વીજળીના સતત વધતા ખર્ચથી ત્રસ્ત થઈને દર બે મહિને ૩૦૦૦ રૂપિયા જેટલું બિલ આવતું હતું. આર્થિક બોજ ઓછો થાય તે હેતુસર ગામના જ એક વ્યક્તિની સલાહ લઈનેતેમણે પોતાના મકાન ઉપર સોલાર પેનલ લગાવ્યું. પરિણામે આજે તેમના ઘરમાં વીજળી બિલ સંપૂર્ણપણે શૂન્ય (૦ રૂપિયા) થઈ ગયું છે.

તેઓએ જણાવ્યું કે, સોલાર સિસ્ટમ લગાવ્યા બાદ તેમના પરિવારને બિલ ચૂકવવાની ચિંતા હવે રહી નથી. તેની સાથે જ દર મહિને વધારાના ૫૦૦ થી ૧૫૦૦ રૂપિયા સુધી જમા થવા લાગ્યા છે. સરકારની સહાય યોજના હેઠળ તેમને ૭૮,૦૦૦ રૂપિયાની સબસીડી પણ મળી હતી, જેના કારણે સ્થાપન ખર્ચમાં રાહત મળી. તેમણે જણાવ્યું કે, આ યોજના ગામડાંના લોકોને ખુબ જ મદદરૂપ સાબિત થઈ રહી છે અને અન્ય લોકોએ પણ તેનો લાભ લેવાની જરૂર છે.

સોલાર પેનલના કારણે ફક્ત વીજળી બિલ જ નહીં પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠાની સમસ્યા માટે પણ એક સ્થાયી ઉકેલ મળી રહ્યો છે. પર્યાવરણને અનુકૂળ અને સ્વચ્છ ઊર્જાનો ઉપયોગ થવાથી પ્રદૂષણમાં ઘટાડો થાય છે અને ગ્રામ્ય વિસ્તારમાં ઊર્જા આત્મનિર્ભરતા વધે છે. ખેડૂતોએ પરંપરાગત ખેતી સાથે નવીન ટેકનોલોજીને સ્વીકારીને જીવન ખર્ચ ઓછો કરવાનો સંદેશ આપ્યો છે.

જિંજુડા ગામના અન્ય લોકો પણ આ અનુભવથી પ્રેરાઈ રહ્યા છે. ગામના ઘણા પરિવારો સોલાર સિસ્ટમ અંગે માહિતી મેળવી રહ્યા છે. સરકાર દ્વારા આપવામાં આવતી સબસીડી, ઓછો જાળવણી ખર્ચ અને લાંબા ગાળે થતા બચતના ફાયદા જોતા આવનારા સમયમાં વધુ લોકો સોલાર પેનલ અપનાવશે તેવા સંકેતો મળી રહ્યા છે.

સૌર ઊર્જા પ્રોજેકટો ગ્રામ્ય વિકાસ માટે ગેમચેન્જર સાબિત થઈ રહ્યા છે. આજે જયરાજભાઈ ખુમાણનું ઉદાહરણ સમગ્ર જિલ્લામાં જ નહીં પરંતુ ગુજરાતભરના ખેડૂતો માટે પ્રેરણાદાયી બની ગયું છે. ઊર્જા ક્ષેત્રે આ પ્રકારના પ્રયાસો વડે ગામડાંના લોકો આત્મનિર્ભર'બનશે અને સાથે જ પર્યાવરણ પ્રત્યેની જવાબદારી પણ નિભાવી શકશે.

# લીલીયા મોટા : કોલેજ ખાતે ઉદિશા પ્રકલ્પ અંતર્ગત માર્ગદર્શનનું આયોજન



લીલીયા મોટા, તા. ૨૨

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, લીલીયા ખાતે ઉદિશા પ્રકલ્પ અંતર્ગત તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સેમિનાર હોલમાં એક માર્ગદર્શક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરકારી વિનયન અને વાણિજય કોલેજ, બાબરાના વાણિજય વિભાગના પ્રોફેસર (GES–II) અનિલ વાણવી મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. મિશન સફળતાઃ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે આગામી પેઢીને માર્ગદર્શન વિષય પર બોલતાં અનિલ વાણવીએ વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે વિસ્તૃત માહિતી આપી. સાથે સાથે સફળતા મેળવવા માટે જરૂરી અભ્યાસ પધ્ધતિઓ, અસરકારક વ્યૂહરચનાઓ, સમય સંચાલન અને આત્મવિશ્વાસ વધારવા માટે જરૂરી પ્રેરણાદાયક વિચારો રજૂ કર્યા. તેમણે જણાવ્યું કે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવવા માટે નિયમિત અભ્યાસ, લક્ષ્યનિષ્ઠ મહેનત તથા સકારાત્મક મનોભાવ જરૂરી છે. તેમજ તૈયારી માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓના અભ્યાસક્રમની વિસ્તૃત સમજુતી આપી અને જરૂરી સંદર્ભ પુસ્તકો પણ સૂચવ્યા. આ સત્ર દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્યના કારકિર્દી અવસરોને આત્મવિશ્વાસપૂર્વક અપનાવવા માટેનું પ્રોત્સાહન મળ્યું. કાર્યક્રમનું સંચાલન ઉદિશા પ્રકલ્પ કો–ઓર્ડીનેટર ડો. શબ્બીર પરમાર અને ડો. વિરાજ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતુ. સરકારી વિનયન અને વાણિજય કોલેજ, લીલીયાના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન અને પ્રેરણાથી સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરાયું હતું.

## નૈવેદ્ય નવમી

નવરાત્રી એટલે કે નવરાત્રીના માતાજી અલગ અલગ હોય છે. સાતમું નોરતું સરસ્વતી માતાજીનું છે. તે દિવસે સરસ્વતી આહવાન પૂજન કરવામાં આવે છે એટલે કે દુર્ગાષ્ટમી મહા અષ્ટમી હવનાષ્ટમી તરીકે ઓળખાય છે. તે દિવસે નૈવેદ કરવામાં આવે છે. નવમાં નોરતાને નિવેદનોમી કહેવામાં આવે છે. આઠમા નોરતાને દુર્ગાષ્ટમી વગેરે કહેવામાં આવે છે. નવદુર્ગા, કાલિકા, સરસ્વતી, ચંડીકા, બહુચરમાં, ખોડીયારમાં, આશાપુરા અને માતાજી રાંદલ વગેરેનો મહિમા છે. નવરાત્રી એટલે માતાજીની સ્તુતિ ભક્તિ. આહ્વાન, સાધના, મંત્રજાપ, અનુષ્ઠાન, પ્રાર્થના, અર્ચના, અભ્યર્થના, ભક્તિ કરવાનો અવસર. ગરબા ગાવા, માતાજીના દુહા, છંદ વગેરે ગાવામાં આવેછે. નવરાત્રીમાં માતાજીની આરતી કરવામાં આવે છે. જય બહુચરમાની, જય જય ચંડી ચામુંડા માતાજી, ચાચર ચોકની જય

**લેખિકાઃ દિપ્તીબેન પી. રાવલ, ઉપલેટા**

# અમરેલી : મોંઘીબા મહિલા કોલેજ ખાતે શંખનાદ પ્રતિયોગિતામાં ૨૧ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલી ખાતે શંખનાદ પ્રતિયોગિતા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ જેવી કે ''ઈન્ડિયન કલચર'' નામક એમ.સી.કયુ ટેસ્ટ, ''અરાઈઝ અવેક'' નામક એમ.સી.કયુ. ટેસ્ટ '' નેશન ફર્સ્ટ માય રોલ'' વિષય પર એસે રાઈટીંગ કોમ્પિટિશન, પોસ્ટર મેકિંગ કોમ્પિટિશન વગેરે સ્પર્ધાનું આયોજન થયું. આ સ્પર્ધામાં કોલેજ ખાતે અભ્યાસ કરતી ૨૧ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. સ્પર્ધાના આયોજન માટે વિવેકાનંદ કેન્દ્ર ભાવનગરથી શ્વેતાબેનનું સતત માર્ગદર્શન રહ્યુ હતું.

રવિભાઈ સાનેપરા આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રતિયોગિતાની સફળતા માટે કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.જી.વી. વેલિયત, કો–ઓર્ડિનેટર ડો. એમ.જે. પટોળિયા તથા પ્રા. ભૂષણભાઈ જોશીએ સક્રિય ભૂમિકા ભજવી હતી. તથા તમામ સ્ટાફ પરિવારનો સહયોગ રહ્યો હતો. આ પ્રતિયોગિતાના સફળ આયોજન બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભા પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, નિયામક ડો. ગિરીશભાઈ ભીમાણીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

### વ્યાપક વરસાદ પડવા છતાં પણ

# અમરેલી જિલ્લામાં હજુ પણ પાંચ જળાશય છલોછલ થયા નથી

## શિયાળામાં પાણીની તંગીનાં એંધાણ



અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં વરસાદી માહોલ પૂરતો અનુકૂળ બન્યા બાદ પણ જિલ્લાનાં મુખ્ય પાંચ ડેમ હજુ છલકાયા નથી. જિલ્લાના કેટલાક ડેમો પૂર ક્ષમતા સુધી ભરાયા હોવા છતાં, મોટા ડેમોમાં પાણીનું પ્રમાણ સંતોષકારક નથી, જેના કારણે આગામી શિયાળામાં પાણી તંગી ઉભી થવાની આશંકા વધી રહી છે.

જિલ્લાનાં ડેમોમાં હાલની સ્થિતિ મુજબ, ઢેબી ડેમમાં માત્ર ૩૩.૬૬ ટકા, વડી ડેમમાં ૫૯.૩૧ ટકા, છેલ દેદુમલ ડેમમાં ૬૭.૯ ટકા અને મુંજીયાસર ડેમમાં માત્ર ૪૧.૪૯ ટકા જ પાણી ભરાયું છે. ખાસ કરીને છેલ દેદુમલ ડેમમાં સૌથી ઓછું પાણી સંગ્રહ નોંધાયું છે. આ ડેમમાં ફકત ૫.૨૪ એમ.સી.યુ.એમ. જેટલું જ પાણી સંગ્રહિત છે. વડીયા ડેમમાં ૫.૩૬૫૭ એમ.સી.યુ.એમ. પાણી છે જયારે વડી ડેમમાં ૮.૦૧૬ એમ.સી.યુ.એમ. પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

બીજી તરફ, જિલ્લાનાં કેટલાક નાના અને મધ્યમ કદના ડેમો પૂર ક્ષમતા સુધી ભરાઈ ગયા છે. ખોડીયાર ડેમ, સાતરવડી ડેમ, વડીયા ડેમ, સુરજવડી ડેમ અને ધાધરવાળી બે ડેમ હાલમાં ૧૦૦ ટકા ક્ષમતા સુધી છલકાયા છે. આ ડેમોમાં ભરેલા પાણીથી આસપાસના વિસ્તારનાં ગામોને હળવો રાહત અનુભવાયો છે.

તેથી પણ હકીકત એ છે કે મોટા ડેમો પૂરતા ભરાયા વગર જિલ્લામાં લાંબા ગાળે પાણીની જરૂરિયાત પૂરી પાડવી મુશ્કેલ બનશે. અમરેલી જિલ્લામાં પીવાનું પાણી, કૃષિ સિંચાઈ તેમજ પશુપાલન માટે મોટાભાગે ડેમના જળસંગ્રહ પર આધાર રાખવામાં આવે છે. આવનારા દિવસોમાં જો વધુ વરસાદ ન પડે તો ગામડાંઓમાં પીવાના પાણીની તંગી સાથે સિંચાઈ પર પણ ગંભીર અસર પડી શકે છે.

જિલ્લાનાં ખેડૂતો પહેલેથી જ વરસાદની અનિશ્ચિતતા કારણે મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતોની મુખ્ય પાક મગફળી માટે પૂરતું સિંચાઈ પાણી ઉપલબ્ધ ન રહે તો પાક ઉત્પાદન ઘટવાની દહેશત છે. પશુપાલકો માટે પણ આવનારો શિયાળો કપરૂ સાબિત થઈ શકે છે. કારણ કે ચારો ઊગાડવા અને પશુઓ માટે પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા પૂરતો જળસંગ્રહ જરૂરી છે. વરસાદી માહોલ હજી ચાલુ હોવાથી, જો સપ્ટેમ્બર માસના અંત સુધીમાં સારો વરસાદ થાય તો હાલ અડધા ભરાયેલા ડેમો પણ છલકાઈ શકે છે. પરંતુ હાલમાં જે સ્થિતિ છે તે પ્રમાણે અમરેલી જિલ્લાની પાણી પરિસ્થિતિ ચિંતાજનક છે.

### દેશની સુરક્ષા કરતા શહીદ થયેલ યુવાને શ્રધ્ધાજંલિ પાઠવી

# લાઠીનાં ધારાસભ્ય પ્રધાનમંત્રીની જનસભા છોડીને વીર જવાનની અંતિમયાત્રામાં જોડાયા

## જનસેવક તરીકે પોતાની ભૂમિકા સિધ્ધ કરી



અમરેલી, તા. ૨૨

લાઠી તાલુકાના ઘામેલ ગામના વતની શહીદ મેહુલભાઈ ભરવાડ કાશ્મીરમાં ભારતીય સેનામાં ફરજ બજાવતા હતા. દેશની સેવા કરતા તેમનું બલિદાન થતા સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાયો હતો.

શહીદ મેહુલભાઈની અંતિમયાત્રા તેમના વતન ઘામેલ ગામે નીકળી હતી, જેમાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. આ અંતિમયાત્રામાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા પણ ઉપસ્થિત રહ્યા હતા અને શહીદના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

જનપ્રતિનિધિ તરીકે ફરજ અદા કરી સામાન્ય રીતે, વડાપ્રધાનના કાર્યક્રમમાં સ્થાનિક સાંસદો અને ધારાસભ્યોએ હાજર રહેવાનું હોય છે. અમરેલી જિલ્લાના અનેક આગેવાનો વડાપ્રધાનની સભામાં હાજરી આપવા ભાવનગર ગયા હતા, ત્યારે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ પોતાના મત વિસ્તારના લોકોની લાગણીઓને માન આપીને અને પોતાની ફરજ સમજીને વડાપ્રધાનની સભાને બદલે શહીદ મેહુલભાઈની અંતિમયાત્રામાં જોડાઈને અનોખું ઉદાહરણ પુરૂ પાડયું હતું.

ધારાસભ્યની આ સરાહનીય કામગીરીની લોકોએ પ્રશંસા કરી હતી તેમણે દેશ માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનાર વીર જવાન પ્રત્યે સન્માન વ્યક્ત કર્યુ હતું અને એક સાચા જનસેવક તરીકેની પોતાની ભૂમિકા સિધ્ધ કરી હતી.

# અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આટ્‌ર્સ કાલેજ ખાતે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલી ખાતે તા.૨૦/૯/૨૦૨૫ના રોજ હિન્દી સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને મોંઘીબા મહિલા કાલેજના સંયુકત ઉપક્રમે ''હિન્દી સાહિત્ય કા વૈવિધ્ય : સાહિત્ય ઔર સંસ્કૃતિ'' વિષય પર એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દી ભાષા માત્ર સંદેશાવ્યવહારનું માધ્યમ જ નહિ, પણ તે ભારતીય સાહિત્ય, સંસ્કૃતિ, રાષ્ટ્રવાદ અને રોજગારનું એક શકિતશાળી માધ્યમ પણ છે. તેની વિવિધતા તેને બહુપરિમાણીય અને સાર્વત્રિક રીતે સ્વીકાર્ય બનાવે છે વગેરે બાબતોને ઉજાગર કરનાર આ રાષ્ટ્રીય પરિસંવાદ બે સત્રોમાં આયોજિત થયો હતો, જેમાં શરૂઆતમાં ભારતીય પરંપરા મુજબ ઉપસ્થિત મહેમાનોનું કુમકુમ તિલકથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ પ્રથમ ઉદ્‌ઘાટન સત્રની શરૂઆત કરવામાં આવી. જેમાં કાલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા ગણપતિ વંદનાને લગતી કૃતિ રજૂ કરવામાં આવી ત્યારબાદ દીપપ્રાગટય અને હિંદી ગીતના માધ્યમથી હિન્દી વંદના કરી કાલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.જી.વી.વેલિયત દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ મહેમાનોનું શાલ, પુષ્પગુચ્છ અને સ્મૃતિ ચિહ્ન દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ ડો. ભાગ્યેશ જહા (અધ્યક્ષ હિન્દી સાહિત્ય અકાદમી, ગાંધીનગર), વસંતભાઈ ગજેરા (પ્રમુખ, અમરેલી જિલ્લા વિદ્યાસભા), મનસુખભાઈ ધાનાણી (મંત્રી, અમરેલી જિલ્લા વિદ્યાસભા) પ્રો. (ડો.) ગિરીશ ભીમાણી (નિયામક, અમરેલી જિલ્લા વિદ્યાસભા), પ્રિ.ડો.બી.આર. ચુડાસમા (પૂર્વાચાર્ય, મોંઘીબા કાલેજ), શ્રીમતી વર્ષાબેન શાહ (પૂર્વ હેડ કલાર્ક) તથા પ્રો. વિજયભાઈ દવે (સંસ્કૃત વિભાગાધ્યક્ષ, પ્રતાપરાય આટ્‌ર્સ કોલેજ, અમરેલી) વગેરે મહાનુભાવો દ્વારા કાર્યક્રમની સફળતા માટે પાઠવવામાં આવેલ શુભ સંદેશાઓ પ્રિન્સિપાલ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધનમાં રજૂ કરવામાં આવેલ. આ પ્રસંગે અમરેલી જિલ્લા વિદ્યાસભાના ટ્રસ્ટી ચતુરભાઈ ખૂંટ તથા વિદ્યાસભાના કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. પ્રથમ સત્રના ત્રણ વકતાઓમાં વિશિષ્ટ મહેમાન તરીકે ડો. શશાંક કુમાર સિંહ (સહા. પ્રોફેસર, આર.એમ.પી.પી.જી. કાલેજ, સીતાપુર–યુ.પી.) રહ્યા હતા. તેઓએ ''હિન્દી ભાષા કાં મહત્ત્વ ઔર ઉસકી પ્રાસંગિકતા'' પર મનનીય વકતવ્ય આપ્યું હતું, બીજા સારસ્વત વકતા તરીકે પ્રો. (ડો.) યોગિની હિમાંશુ વ્યાસ (પૂર્વ અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, ઉમા આટ્‌ર્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કાલેજ, ગાંધીનગર) રહ્યા હતા. તેઓએ ''હિન્દી ભાષા કાં સાંસ્કૃતિક વૈભવ ઔર ઉસકી ગુણગ્રાહિતા'' વિષય પર મૂલ્યનિષ્ઠ વકતવ્ય આપ્યું હતું તથા ત્રીજા વકતા તરીકે પ્રો. (ડો.) ગેલજી ભાટિયા (હિન્દી વિભાગાધ્યક્ષ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા – અમદાવાદ) કે જેઓએ ''હિન્દી સાહિત્ય મેં પ્રસ્તુત સંસ્કૃતિ''એ વિષય પર મૂલ્યબોધક વકતવ્ય આપેલ તેમજ ગૂજરાત વિદ્યાપીઠની ખાસ ઓળખરૂપ ગાંધી–ચરખો કાલેજને સ્મૃતિભેટ તરીકે અર્પણ કરેલ. ભોજનવિરામ બાદ દ્વિતીય સત્રનો પ્રારંભ થયો હતો, જેમાં ત્રણ વકતાઓના વકતવ્યો રહ્યા હતા. સૌ પ્રથમ વકતાઓનું સ્વાગત, સન્માન તથા પરિચય કરવામાં આવેલ. ત્યારબાદ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ પ્રો. (ડો.) શૈલેશ મહેતા (હિન્દી વિભાગાધ્યક્ષ, સૌરાષ્ટ્ર વિવિદ્યાલય, રાજકોટ) એ ''વર્તમાન સમય મેં હિન્દી સાહિત્ય કી પ્રાસંગિકતા'' વિષય પર પોતાનું મનનીય વકતવ્ય રજૂ કરેલ. બીજા પ્રતિષ્ઠિત વકતા તરીકે ડો.બી.જે. પટેલ (એસો. પ્રોફેસર, બી. વી. ધાણક કોલેજ, બગસરા) એ ''હિન્દી ભાષા મેં રોજગાર કે અવસર'' વિષય પર મૂલ્યનિષ્ઠ વકતવ્ય આપ્યું હતું. આ સત્રના ત્રીજા વકતા તરીકે ડો. નિરૂપાજી. ટાંક (સહા.પ્રોફેસર, માતુશ્રી મોંઘીબા મહિલા આટ્‌ર્સ કાલેજ, અમરેલી) એ '' હિન્દી ઔર ગુજરાતી ભાષા કાં અંતસંબંધ'' વિષયને અનુલક્ષીને મનનીય વકતવ્ય પ્રસ્તુત કર્યુ હતું. બન્ને સત્રનું સફળ અને સુચારૂ સંચાલન હિન્દી વિભાગના સહા. પ્રોફેસર ડો. અરવિન્દ કુમાર ઉપાધ્યાયે કરેલ. પ્રથમ સત્રના સમાપનમાં આભાર દર્શન સંસ્કૃત વિભાગના અધ્યક્ષા ડો. વિલાસબેન સોરઠીયા તથા બીજા સત્રના સમાપન વખતે આભાર દર્શન સંસ્કૃત વિભાગના એસો. પ્રોફેસર ડો.એમ. જે. પટોળિયા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે કાલેજના તમામ સ્ટાફ તથા એન.સી.સી. કેડેટસ તથા એન.એસ.એસ. વોલેન્ટીયરની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. વિવિધ યુનિવર્સિટીઓ તથા કાલેજોમાંથી પધારેલ અધ્યાપકો, શોધાર્થીઓ તથા કાલેજની વિદ્યાર્થિનીઓએ આ રાષ્ટ્રીય પરિસંવાદમાં ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવ્યો હતો. અંતમાં પોતાના પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા. કાર્યક્રમની સફળતા બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના ટ્રસ્ટીગણે રાજીપો વ્યકત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

## ‘‘સમુદ્ર સે સમૃદ્ધિ’’ અને ‘‘લોકલ ફોર વોકલ’’ની જનમેદનીને હાંકલ કરાઈ

# અમરેલી ખાતે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં કૃષિ પરિસંવાદ યોજાયો

**ગાય આધારિત ખેતી, સ્વદેશી ઉત્પાદનનો વપરાશ અને જમીનનાં જતન પર જોર**

**વડીલવંદના લાભાર્થીઓને ચેક વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને મંડળીઓને પ્રોત્સાહન અપાયુ**

**જિલ્લાના ધારાસભ્યો, સાંસદ, ભાજપ અને સહકાર ક્ષેત્રના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા**

**ઈફ્કો ચેરમેન દિલીપ સંઘાણીનાં માર્ગદર્શન તળે ઐતિહાસીક કાર્યક્રમ સંપન્ન થયો**

















દિલીપ સંઘાણી ઉપરાંત ઈફ્કો માર્કેટીંગ ડાયરેકટર યોગેન્દ્રકુમાર, સંસદસભ્ય ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો કૌશિકભાઈ વેકરીયા, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા, હિરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉંધાડ, અંબરીશભાઈ ડેર, જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખ હિરેનભાઈ હિરપરા, અમુલ વાઈસ ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા, ઈફ્કો એમ.ડી. કે.જે. પટેલ, અશ્વિનભાઈ સાવલીયા, મુકેશભાઈ સંઘાણી, જયંતિભાઈ પાનસુરીયા, મનિષભાઈ સંઘાણી, શ્રીમતિ ગીતાબેન સંઘાણી, અરૂણભાઈ પટેલ, હરજીભાઈ નારોલા, દિપકભાઈ માલાણી, અલ્પાબેન રામાણી, ગ્રામ વિકાસ પરિષદ (કાર્ડ)ના તૃપ્તીબેન ખન્ના, ભાવનાબેન ગોંડલીયા, ઈફ્કો સ્ટેટ માર્કેટીંગ મેનેજર એન.એમ. ગજેરા, ઈફ્કો ડીરેકટર ભાવેશભાઈ રાદડીયા, પ્રદેશ ભાજપ પ્રવકતા શૈલેષ પરમાર, યાર્ડ ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, જયેશભાઈ નાકરાણી, ગુજકોના સીઈઓ દિનેશભાઈ સુથાર, મેનેજર નરેન્દ્રસિંહ પરમાર, બી.એસ. કોઠીયા, ડો.આર.એસ. પટેલ, હર્ષ સંઘાણી સહિતના સહકારી મહાનુભાવો અને જનપ્રતિનિધિઓની ઉપસ્થિતી.

સહકાર કેવું સક્ષમ હોય તે મને અમરેલીમા જોવા મળ્યું તેમ અમરેલી ખાતે જીલ્લાની સહકારી સંસ્થાઓની સંયુકત વાર્ષિક સાધારણ સભા સાથે કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદ (કાર્ડ) દ્વારા આયોજીત કૃષિ પરિસંવાદને સંબોધતા રાજયના મૃદુ અને મકકમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ એ જણાવેલ હતું. કોરોનાકાળમા ખેડૂતોના કૃષિ ધીરાણને અસર ન પહોચે તે માટે રીવોલ્વીંગ ફંડની અલગ વ્યવસ્થા ઉભી કરવાનું કામ ખેતિ અને ખેડૂત ઉપરનો દિલીપભાઈનો પ્રેમ દર્શાવે છે. સભાસ્થળે આવતા પહેલા મુખ્યમંત્રીએ વૃક્ષા રોપણ, રકતદાન પ્રવૃતિ અને ફોટો ગેલેરીની મૂલાકાત લીધી હતી.

કાર્યક્રમના પ્રાસંગીક દોરમા મોટી સંખ્યામા ઉપસ્થિત લોકોને સંબોધતા દિલીપ સંઘાણી એ જણાવેલ હતું કે, સૌરાષ્ટ્રમા આજે ધમધમતો ડેરી ઉદ્યોગ માત્રને માત્ર મુખ્યમંત્રીના હકારાત્મક અભિગમનું પરિણામ છે તેમ જણાવી અમરેલી જીલ્લા બેંકની વિમા કવચ, રીવોલ્વીંગ ફંડ સહિતની અનેક યોજનાઓ રાષ્ટ્રિયસ્તરે નોંધ સાથે અમલી બની છે તે ગૌરવની વાત છે. પરિસંવાદને સંબોધતા દિલીપ સંઘાણીએ સહકાર ઉપરના વિશ્વાસની વાત દોહરાવતા જણાવેલ કે, રીવોલ્વીંગ ફંડ માટે નાણાની જરૂરત ઉભી થતા સમાજશ્રેષ્ઠિ સવજીભાઈ ધોળકીયાને જણાવતા તેઓએ વિચાર કર્યા વગર એક કરોડ જેવી માતબર રકમ જમા આપી હતી.

ઈફ્કો માર્કેટીંગ ડાયરેકટર યોગેદ્રકુમાર એ જણાવેલ કે ગાય, ગોબર અને ગૌમુત્ર ખેતિ અને માનવ જીવનમાં સારા પરિણામો આપે છે. રાસાણીક ખાતરો દ્વારા દિન પ્રતિદિન જમીન પથરાળ સ્વરૂપ બની રહી છે અને જળ શોષણ ક્ષમતા ગુમાવી રહી છે આ ગંભીર બાબત છે ખેતિના ફાયદા માટે અને ખેતજમીનના રક્ષણ માટે પૂવાહી રસાયણ નેનો યુરીયા - નેનો ડીએપી ખાતરનો વપરાશ વધારવા અને રાસાણીક ખાતરથી ઉત્પાદીત થયેલા ધાન્ય આપણા શરીરને ગંભીર બિમારી તરફ દોરી જાય છે તેનાથી બચવા જણાવેલ હતું. સારાયણીક ખાતરના વપરાશથી હાર્ટ એટેક, કેન્સર, ડાયાબિટીસ, કીડની ફેઈલ થવી સહિતની બિમારીઓ નોતરે છે તેથી જીલ્લાના ખેડુતોને મીનને રાસાણીક ખાતર મુકત કરી પ્રાકૃતિક ખેતિ અપનાવી. ગાય, ગોબર અને ગૌમુત્ર ખેતિ પાકના ઉત્પાદનમાં અને માનવજીવનને રોગ મુકત કરવામાં અગ્રેસર છે તેનો ઉપયોગ કરવા જણાવેલ.

જોમ અને જુસ્સા સાથે શબ્દોથી સ્વાગત કરતા અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ જણાવેલ કે, ડેરીનું કોઈ અસ્તિત્વ ન હતુ ત્યારે તે સમયના કેબીનેટ મંત્રી તરીકે દિલીપભાઈ સંઘાણીએ જીલ્લામાં ડેરી માળખાને ઉભુ કરવા તનતોડ મહેનત કરી એટલે તો શ્વેત ક્રાંતિના જનક છે. દિલીપભાઈ પારસમણી જેવા છે જે જે સંસ્થા સંભાળે તે સંસ્થાઓ ખોટમાંથી નફો કરતી થઈ જાય એટલુ જ નહિં એ નફો પાછો ખેડૂતો અને કર્મચારીઓને ફાળવી આપે આવી સરાહનીય સહકારી વ્યવસ્થાનો પાયો દિલીપભાઈ સંઘાણીએ નાખ્યો અને તે પાછા આપણા અમરેલીના તેથી આપણું ગૌરવ તેમ જણાવી પરિસંવાદમા પધારવા બદલ મુખ્યમંત્રીને આભાર સાથે સ્વાગત કરેલ.

આ તકે ગુજરાત મીલ્ક ફેડરેશનના વાઈસ ચેરમેન તરીકે પદભાર સંભાળનાર ગોરધનભાઈ ધામેલીયા, ગુજરાત રાજય ખેત બજાર નિયંત્રણ બોર્ડના ચેરમેન જીજ્ઞેશભાઈ પટેલ, ત્રિભુવનદાસ સહકારી યુનિર્વસીટી તજજ્ઞ કમીટીસભ્ય અશોકભાઈ ગોંડલીયા અને આઈસીએ યુથ કમીટીના અધ્યક્ષ હર્ષ મુકેશભાઈ સંઘાણીને સન્માનિત કરવામા આવેલ હતા તદ્ ઉપરાંત સહકારી પ્રવૃતિમાં જેની દિર્ઘકાલીન સેવા રહેલી તેવા ઘનશ્યામભાઈ જાગાણી, હરિભાઈ સાંગાણી, રવજીભાઈ ગજેરા, ચંદીદાનભાઈ ગઢવી સહિત અનેક વરિષ્ઠોનું ‘‘વડિલ વંદના’’થી સન્માનીત કરવામા આવેલ.

રાષ્ટ્રભકિતની સુરાવલી સાથે પટેલ કન્યા છાત્રાલયની બાળાઓએ સાંસ્કૃતિક કૃતિ રજુ કરેલ હતી. સહકારી સંસ્થાઓના વાર્ષિક અહેવાલો રજુ થયેલા જેને ઉપસ્થિત સભાસદ ભાઈઓ-બહેનોએ સામુહીક બહાલી આપેલ. આ તકે વિવિધ સેવા સહકારી મંડળીઓ અને દુધ સહકારી મંડળીઓના વ્યવસ્થાપક મંડળને શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ સન્માનિત કરવામા આવેલ. પરિસંવાદમાં જિલ્લાભરની સહકારી સંસ્થાઓના પ્રમુખઓ, ડીરેકટરઓ, ખેડૂતો, પશુપાલકો, શ્રમીકો, મહિલાઓ તથા સહકારી આગેવાનો, સાંસદ, ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, માર્કેટયાર્ડના ચેરમેનઓ, જિલ્લાભરની સહકારી મંડળીઓના પ્રમુખ- મંત્રીઓ અને સભાસદ ભાઈ-બહેનો ઉપસ્થિત રહયા હતા કાર્યક્રમના અંતે કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના મંત્રી હિરેનભાઈ હિરપરા એ આભાર વિધી કરી હતી તેમ સંસ્થાની અખબારી યાદીમા જણાવાયેલ છે.

# દામનગર ખાતે ''સરદાર સન્માન યાત્રા''નું કરાયુ સ્વાગત



તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

જી. પી. વસ્તપરા ટ્રસ્ટ પ્રેરિત સરદાર પટેલના નિવાસ સ્વરાજ આશ્રમથી સરદાર પટેલના માનસપુત્રી પૂજ્ય નિરંજનાબા કલાર્થીની પાવન નિશ્રામાંથી ૧૧ સપ્ટેમ્બરે પ્રસ્થાન થયેલ સરદાર સન્માન યાત્રા રાજયના ૧૯ જિલ્લાઓના ૬૨ તાલુકાઓના ૩૬૫ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાંથી ૧૮૦૦ કિ.મી. પ્રવાસ કરી ૨૨ સપ્ટેમ્બરે ભગવાન શ્રી સોમનાથ મહાદેવ મંદિરના સાંનિધ્યમાં વિસર્જન થશે. સૌના સરદારના સ્લોગનથી રાષ્ટ્રીય એકયતા ભાતૃપ્રેમનો સંદેશ આપતી સરદાર સન્માન યાત્રા દામનગર ખાતે પધારતા શહેરની અઢારેય આલમ દ્વારા ભવ્ય સામૈયા, સત્કાર કરાયો. જય જય સરદારના ગગનભેદી નારા સાથે યાત્રા સંયોજન વસ્તપરાનું સન્માન કરાયું હતું. સરદાર સન્માન યાત્રાના રૂટ ઉપર ૧૮૦૦ કિ.મી.ના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ગ્રીન આર્મી સુરતની ટિમ દ્વારા ત્રિદેવ વૃક્ષ મંદિર નિર્માણ કરાયા. ઠેર ઠેર ચોરા, ચાવડી ચોક, રાજમાર્ગો ઉપર રંગોળી, સુશોભનો, કમાન, દરવાજા, ધજા, પતાકા લહેરાયા હતા. દામનગરમાં પ્રવેશ કરતી સરદાર સન્માન યાત્રા શહેરના સરદાર ચોક ખાતે પધારતા પહેલા આંબેડકર ચોક ખાતે ડો. બાબા આંબેડકરને પુષ્પ માળા અર્પણ કરી હતી. સરદાર સન્માન યાત્રાનું ભવ્ય સન્માન કરવા પધારેલ વિવિધ સામાજિક, સ્વૈચ્છિક, શૈક્ષણિક, ધાર્મિક સંસ્થાઓના એવમ સમસ્ત લેઉવા પટેલ સમાજ, જૈન વણિક સમાજ, સોની સમાજ, લોહાણા સમાજ, લુહાર સુથાર સમાજ, સમસ્ત બ્રહ્મ સમાજ, સાધુ સમાજ, માળી સમાજ, જોગી રાવળ સમાજ, ઋષિવંશી સમાજ, દરજી સમાજ, સમસ્ત સરદાર પટેલ યુવા આર્મી, ખોડલધામ સમિતિઓ, ઠાકોર કોળી સમાજ, માંધાતા ગ્રુપ, માલધારી ગઢવી ચારણ, દાઉદી વ્હોરા તેમજ સમસ્ત મુસ્લિમ સમાજ, ઈસ્માઈલી ખોજા જમાત, દલિત સમાજ, વાલ્મિકી સમાજ, દેવીપૂજક સમાજ સહિત ૨૫થી વધુ સામાજિક સંગઠનો, જ્ઞાતિ સંગઠનો દ્વારા જય સરદારના નારા સાથે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરાયા હતા. સરદાર સન્માન યાત્રાના સત્કારમાં વેપારી, ઉદ્યોગરત્નો, કેળવણી પ્રેમીઓ, ખોડલધામ સમિતિની મહિલા પાંખ, સહકારી સંસ્થાઓની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે અદકેરૂ સન્માન કરાયું હતું. સ્થાનિક પાલિકા તંત્ર, પદા અધિકારીઓ સહિત સમગ્ર શહેર સરદારમય બન્યું હતું.

## બાબરા ખાતે પોષણ માસની ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૨

બાબરા સ્વસ્થ નારી સશકત પરિવાર અભિયાન અંતર્ગત પોષણ માસની બાલ સેવા કેન્દ્ર બાબરા ખાતે ઉજવણી કરવામાં આવેલ.

કુપોષિત બાળકોને જરૂરી ન્યુટ્રીશન આપવામાં આવેલ અને વાનગીઓ પ્રદર્શિત કરવામાં આવેલ. આ તકે ડો. એસ એસ વ્હોરા, ડો. મોહિત ચૌહાણ, મહેશભાઈ બસીયા, ડો. જયદીપ સોલંકી, ન્યુટ્રીશન પ્રીતિબેન ગોસ્વામી, સ્ટાફ નર્સ જીજ્ઞાબેન ભીમાણી, કૂક જાગૃતિબેન અને આયા દક્ષાબેન ઉપસ્થિત રહેલ.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૨૬૫ | ૧૪૯૫ |
| ૨ | કપાસ જુનો | ૧૪૧૫ | ૧૫૭૫ |
| ૩ | તલ સફેદ | ૧૪૯૦ | ૧૯૦૦ |
| ૪ | તલ કાળા | ૨૬૧૫ | ૩૮૯૫ |
| ૫ | જીરૂ | ૩૦૧૫ | ૩૪૨૫ |
| ૬ | ઘઉં | ૪૬૦ | ૫૫૦ |
| ૭ | અડદ | ૧૦૩૫ | ૧૨૮૫ |
| ૮ | મગ | ૧૧૫૦ | ૧૮૫૦ |
| ૯ | ચણા | ૯૯૦ | ૧૦૬૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૫૪૬ | ૧૧૦૦ |
| ૨ | શિંગદાણા ફાડા | ૭૧૦ | ૧૨૯૯ |
| ૩ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૩૨૬ |
| ૪ | તલ કાળા | ૨૫૦૫ | ૪૩૮૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૧૯૯૯૨ | ૨૨૮૬ |
| ૬ | બાજરો | ૩૩૦ | ૪૦૭ |
| ૭ | જુવાર | ૫૮૦ | ૫૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૮૧ |
| ૯ | ઘઉં લોકવન | ૪૭૫ | ૫૮૮ |
| ૧૦ | મકાઈ | ૩૦૦ | ૪૬૧ |
| ૧૧ | મગ | ૧૧૨૦ | ૧૮૩૦ |
| ૧૨ | અડદ | ૭૦૦ | ૧૫૦૦ |
| ૧૩ | ચણા | ૮૬૧ | ૧૧૦૦ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૧૨ | ૧૦૭૯ |
| ૧૫ | સફેદ ચણા | ૬૨૦ | ૧૦૫૩ |
| ૧૬ | તુવેર | ૭૦૦ | ૧૧૪૫ |
| ૧૭ | વાલ | ૫૦૦ | ૮૦૦ |
| ૧૮ | કપાસ | ૭૪૦ | ૧૫૨૦ |
| ૧૯ | એરંડા | ૧૧૪૦ | ૧૨૬૩ |
| ૨૦ | જીરૂ | ૨૯૨૦ | ૩૫૭૫ |
| ૨૧ | રાયડો | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૨૨ | રાય | ૧૦૫૦ | ૧૫૩૦ |
| ૨૩ | ધાણા | ૯૩૦ | ૧૪૧૩ |
| ૨૪ | મેથી | ૭૦૦ | ૮૭૦ |
| ૨૫ | સોયાબીન | ૭૦૦ | ૮૧૬ |
| ૨૬ | કાંગ | ૪૦૦ | ૪૭૮ |

## ગાધકડા ખાતે નવરાત્રિના પ્રથમ દિવસે જ યજ્ઞનું આયોજન



સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે આવેલ આશાપુરા માતાજીનું મંદિર ખાતે ધામી પરિવાર તેમજ અન્ય પરિવાર સુરત, મુંબઈ, અમદાવાદ, બોરીવલી, કચ્છ, પાલીતાણા તેમજ અન્ય સ્થળોથી કુળદેવી માતા આશાપુરા મંદિર ખાતે ભવ્યાતિભવ્ય યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. માતાજીની પૂજા અર્ચના ભારે ઉમંગ અને ઉત્સાહ સાથે કરી પરિવારે ધન્યતા અનુભવી. એમ અનિરૂધ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૦૭૩ | ૧૩૨૨ |
| ૨ | ઘઉં | ૫૭૫ | ૫૭૫ |
| ૩ | એરંડા | ૧૧૮૫ | ૧૧૮૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૨ | કપાસ કોડી | ૯૦૦ | ૧૧૯૩ |
| ૩ | મગફળી | ૭૫૦ | ૭૫૦ |
| ૪ | ઘઉં | ૪૬૬ | ૪૬૬ |
| ૫ | ચણા | ૧૦૦૦ | ૧૦૧૫ |
| ૬ | ધાણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૭ | તલ | ૧૫૭૫ | ૧૫૭૫ |
| ૮ | બાજરો | ૨૦૦ | ૩૬૯ |
| ૯ | એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૦ | અડદ | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૧૧ | શીંગ દાણા | ૧૨૩૦ | ૧૨૩૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૬૫૦ | ૯૨૦ |
| ૨ | શીંગ મોટી | ૭૦૦ | ૯૫૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૭૧ |
| ૪ | તલ કાળા | ૩૬૦૦ | ૪૦૦૦ |
| ૫ | જીરૂ | ૩૪૦૧ | ૩૫૩૫ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૪૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| ૯ | બાજરો | ૩૨૫ | ૪૩૯ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૬૩૫ |
| ૧૧ | મકાઈ | ૫૮૦ | – |
| ૧૨ | અડદ | ૮૧૦ | ૯૫૧ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૪૧ |
| ૧૪ | તુવેર | ૮૦૦ | ૧૧૬૫ |
| ૧૫ | ધાણા | ૬૦૦ | ૮૫૦ |
| ૧૬ | સોયાબીન | – | ૭૪૦ |

## અમરેલી : ધર્મ મિતલ ખેતાણીનો ૧૧માં વર્ષમાં પ્રવેશ



અમરેલી, તા. ૨૨

જાહેર જીવનના વરિષ્ઠ, સહકારી અગ્રણી સ્વ. નરોતમભાઈ ખેતાણી તેમજ ગં.સ્વ. હરદેવીબેન ખેતાણીનાં પૌત્ર, યુવા સેવાભાવી અગ્રણી અને ભારત સરકારના પશુપાલન અને ડેરી મંત્રાલયની નેશનલ એડવાઈઝરી કમિટી મેમ્બર, ભારત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાની એવોર્ડ (અને) ઈવેન્ટ કમિટી મેમ્બર, ગુજરાત સરકારના સ્ટેટ એનિમલ વેલ્ફેર બોર્ડના મેમ્બર મિતલ ખેતાણી અને ડિમ્પલ ખેતાણીનાં સુપુત્ર ચિ. ધર્મ તા.૨૩ નાં રોજ અગીયારમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયો છે. દરેક જન્મદિવસની જેમ આ વખતે પણ અનેકવિધ સત્કાર્યો, જીવદયા પ્રવૃતીઓ સાથે ચિ. ધર્મનાં જન્મદીનની ઉજવણી થઈ રહી છે. નજીકના વિસ્તારોમાં ધર્મ પોતે પોતાની બાલમંડળી સાથે પક્ષીઓને ચણ, કીડીઓને કીડીયારૂ, કુતરાઓને દુધ–રોટલી, ગાયોને ઘાસ તેમજ આસપાસનાં વિવિધ ઘરોમાં ચકલાંનાં માળા–બર્ડફીડર લગાડી, પક્ષીઓનાં રામ પાતર મૂકી, ગૌમાતાની પાણી પીવાની કુંડીઓ મુકશે અને સાથમાં જ ઉંમરો, પીપળો જેવાં પક્ષી, પર્યાવરણને ફાયદાકારક, માનવતાને ઉપયોગી ઓકિસજન વર્ધક ૧૧ વૃક્ષોનું વાવેતર કરી જન્મદિનની સેવામય ઉજવણી કરશે.

**ધર્મ મિતલ ખેતાણી**
**મો. ૯૮૨૪૨૨૧૯૯૯**

**સમર્પણ શરાફી સહકારી મંડળી લી. – બગસરા**
**વાર્ષિક સાધારણ સભા નોટિસ**

સમર્પણ શરાફી સહકારી મંડળી લી., બગસરાના સર્વે સભાસદોને આથી જણાવવાનું કે, આપણી મંડળીની ૪–થી વાર્ષિક સાધારણ સભા તા. ૨૭/૯/૨૦૨૫ને શનિવારના રોજ નીચેના સ્થળે અને સમયે દર્શાવેલ કાર્યસુચીના કામોના નિકાલ માટે મળશે તો દરેક સભાસદોએ હાજરી આપવા નિમંત્રણ છે.

તારીખ : ૨૭/૦૯/૨૦૨૫, શનિવાર
સમય : સવારના ૯:૦૦ કલાકે
સ્થળ : મંડળીની ઓફીસ – બગસરા

લી.
બોર્ડ ઓફ ડિરેકટર્સ

**સમર્પણ શરાફી સહકારી મંડળી લી. – બગસરા**

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૯૦ | ૧૫૩૭ |
| ૨ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૨૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૨૦ |
| ૪ | શીંગફાડા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૫ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૬ | મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૭ | સોયાબીન | ૬૦૦ | ૭૮૩ |
| ૮ | અડદ | ૮૫૫ | ૯૦૦ |
| ૯ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૦ | ધાણા | ૯૦૦ | ૧૨૨૫ |
| ૧૧ | મગફળી | ૫૫૦ | ૯૧૦ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૦૬૫ |

## અમરેલી ખાતે શ્રાધ્ધ નિમિત્તે અનોખો ભોજનનો સેવાયજ્ઞ



અમરેલી, તા. ૨૨

ભાદરવો માસમાં શકિત ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ દાતાઓ સહયોગથી જરૂરીયાતમંદ ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોને સ્વાદિષ્ટ ખીર, પુરી તથા શાકનો જમણવાર કરાવવામાં આવ્યો હતો. શકિત ગ્રુપ ધ્વારા એવી અપીલ પણ કરવામાં આવી હતી કે હાલ શ્રાધ્ધ પક્ષ ચાલી રહ્યો છે. ત્યારે જરૂરીયાતમંદ લોકોને મદદરૂપ થાયે તો આપણાં પીતૃઓ અવશ્ય રાજી થાય ને આપણા આશીર્વાદ આપે આ સેવાકાર્ય શકિત ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી પ્રમુખ ગૌતમભાઈ વાળા, પરેશ પરમાર, નિખીલભાઈ આશર, કુલદીપ ગણાત્રા, પૃથ્વીરાજભાઈ જેબલિયા, વિશ્વજીત વાળા, અશોકભાઈ વાળા દરેક સમાજના દાતાઓના સહયોગથી કરવામાં આવ્યું હતું.

પાના ૧ ઉપરનું ચાલું **વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ**

તળાવીયા, ડો. ભરત કાનાબાર સહિતના આગેવાનોના હસ્તે ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

અમરેલી એપીએમસીના પુર્વ ચેરમેન અને સામાજિક આગેવાન પી.પી. સોજીત્રાએ રૂપિયા એક કરોડના અનુદાન સાથે આ ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી. ત્યારબાદ દાતાઓ દ્વારા વધુ એક કરોડની રકમ આપી હતી. હાલ આ ફાઉન્ડેશન દ્વારા અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય આપે છે. પરંતુ આગામી દિવસોમાં અન્ય જીલ્લાના બાળકોને પણ સહાય આપી શકાય તે માટે આયોજન કરવામાં આવી

**જાહેર નોટિસ**

આથી હું **હીતેષકુમાર એમ. મીઠાપરા** (એડવોકેટ) તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગતે ખરીદ કરેલ છે.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના લાઠી તાલુકાનાં મોજે :– કેરિયા ગામના, ખેડ ખાતા નં.–૧૦૫ રે.સ.નં.૧૯૮ (જુનો સર્વે નં. તેમજ ૧૯૯ (જુનો સર્વે નં. ૩૯૪ પૈકી ૯)ની કુલ જમીન હે.આરે.૨–૪૨–૮૨, ચો.મી.વાળી ખેતીની જમીનમાંથી કુલ હે.આરે. ૨–૪૨–૮૨ ચો.મી.વાળી જમીન અમારા અસીલશ્રીએ રાસડીયા જગદિશભાઈ છગનભાઈ પાસેથી વેચાણ દસ્તાવેજ કરી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરવા માંગે છે.**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૧૨ (બાર)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૧૨ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર

તારીખ : ૨૨/૦૯/૨૦૨૫ને સોમવારના રોજ
મામલતદાર ઓફીસ સામે, મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા. જિ. અમરેલી,
મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
**(એડવોકેટ)**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૭૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૮૨૫ |
| ૩ | કપાસ | ૮૦૦ | ૧૪૬૧ |
| ૪ | બાજરો | ૩૧૧ | ૫૨૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૦ |
| ૬ | જુવાર | ૪૦૧ | ૭૭૬ |
| ૭ | અડદ | ૭૨૫ | ૭૨૫ |
| ૮ | ચણા | ૮૭૬ | ૧૦૫૧ |
| ૯ | સોયાબીન | ૭૫૦ | ૭૭૦ |

### મુખ્યમંત્રી સુધી ફરિયાદ પહોંચતા તંત્રએ આળશ ખંખેરી

# વડિયાનાં બરવાળા બાવળ ગામે દાદાનું બુલડોઝર ફરી વળ્યું : ગેરકાયદેસર બાંધકામો હટાવાયા

### અમરેલી જિલ્લામાં લાખો મીટર જમીનમાં દબાણ હોય દુર કરો





વડીયા, તા. ૨૨

વડીયા તાલુકાના બરવાળા બાવળ ગામે ગૌચરની જમીન પર થયેલ ગેરકાયદેસર દબાણ સામે આજે તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી હતી. ચકાભાઈ સોલંકી નામના માથાભારે શખ્સ દ્વારા લાંબા સમયથી ગૌચરની જમીન પર દબાણ કરાયું હતું. આ મુદ્દે ગ્રામજનો સહિત દિનેશ પરમારે સીધા મુખ્યમંત્રી સુધી લેખિતમાં ફરિયાદ કરી હતી. રજૂઆત બાદ વહીવટી તંત્ર સક્રિય બન્યું અને આજે સવારે જ તંત્રનું બુલડોઝર દબાણ હટાવવા ગામે પહોંચ્યું.

ગામના ગૌચરમાં કરાયેલા ગેરકાયદેસર બાંધકામ અને દબાણને દૂર કરવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ કામગીરી હાથ ધરવામાં આવી. પોલીસની હાજરીને કારણે કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નહોતો અને સમગ્ર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી.

સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર, ગૌચરની જમીન ગામના પશુઓ માટે જીવનદાયી છે, પરંતુ ગેરકાયદેસર દબાણને કારણે વર્ષોથી પશુઓને ચરવા માટેની જમીન ઘટી રહી હતી. તંત્ર દ્વારા કરાયેલી આ કાર્યવાહીથી ગ્રામજનોમાં સંતોષનો માહોલ જોવા મળ્યો છે.

દિનેશ પરમારે જણાવ્યું હતું કે ગામના ગૌચરમાં દબાણ સામે લાંબા સમયથી તેઓ લડી રહ્યા હતા, પરંતુ અંતે મુખ્યમંત્રી સુધી રજૂઆત કરતા વહીવટ તંત્રે કાર્યવાહી કરી છે. તેમણે આશા વ્યકત કરી કે ભવિષ્યમાં પણ ગેરકાયદેસર દબાણો સામે આવો જ કડક અભિગમ અપનાવવામાં આવશે.

આજે થયેલી આ કામગીરી બાદ બરવાળા બાવળ ગામે ગૌચરનો વિસ્તાર ફરી ખુલ્લો થયો છે. ગામના લોકોએ તંત્રની કામગીરીને વધાવી હતી અને સ્પષ્ટ સંદેશો આપ્યો કે હવે ગેરકાયદેસર દબાણો સહન કરવામાં આવશે નહીં.


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)